આંક ૫૬

દાવો રજુ તા. ૨૦/૩/૧૦

દાવો નોંધ્યા તા. ૨૦/૩/૧૦

દાવો નિર્ણિત તા. ૭ /૩/૧૩

અવધી

વર્ષ માસ દિવસ

૨ – ૧૧ – ૧૫

**મહેરબાન વેરાવળના એડીશનલ સીનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મુ. વેરાવળ**

**સ્પેશીયલ દિવાની મુકદમા નં.૧૬/૧૦**

**વાદી :–** લીલીબહેન નારણભાઈ ડાભી,
ઉ.વ.આ.૩૧, ધર્મે હિંદુ, ધંધો ઘરકામ
રહે. ચોરવાડ

વિરુધ્ધ

**પ્રતિવાદી :–** **ગુજરનાર પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ના વારસો**

૧. મુળુભાઈ પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૨. ભાયાભાઈ પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૩. રવીભાઈ પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૪. મંજુલાબહેન પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૫. સવીતાબહેન પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૬. શાંતાબહેન પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

૭. લીલાવંતીબહેન પુંજાભાઈ ચુડાસમા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી, રહે. ચોરવાડ

**દાવો :–** **હિંદુ અવિભકત કુટુંબની સંયુકત મિલકતનું વિભાજન કરી હિસ્સો મળવા બાબત**

**વાદી પક્ષે :–** **વિ.વ.શ્રી જે.ડી.પારેખ.**
**પ્રતિવાદી પક્ષે :–** **વિ.વ.શ્રી કે.આઈ. ચંદનાણી**

**ચુકાદો**

૧. વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે,

વાદી માળીયા હાટીના તાલુકાના ચોરવાડ ગામે રહે છે. પ્રતિવાદીઓ ગુજરનાર પુંજાભાઈ હમીરભાઈના કાયદેસરના વારસદારો છે. વાદીના ગુજરનાર પિતા, નારણભાઈ રુડાભાઈ ડાભી તથા ગુજરનાર પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા સાળા બનેવી થતા હતા. વાદીના પિતા તારીખ ૧૭–૧૧–૨૦૦૭ ના રોજ ચોરવાડ મુકામે મરણ પામેલા છે. વાદીના ગુજરનાર પિતા નારણભાઈ રુડાભાઈ ડાભી એ વાદીના માતા કુરાઈબહેન સાથે લગ્ન કરેલા, નારણભાઈ રુડાભાઈ ડાભી અને કુરાઈબહેનના લગ્નજીવનથી વાદીનો જન્મ થયેલો, વાદી નારણભાઈ રુડાભાઈ ડાભી

ની સીધી લીટીના વારસદાર છે. કુરાઈબહેને, નારણભાઈ ડાભી સાથે, નારણભાઈની હૈયાતી દરમ્યાન છુટાછેડા લીધેલા છે. વાદી નારણભાઈ રુડાભાઈ ડાભી ની એક માત્ર વારસદાર છે, જેથી વાદીનો વાદગ્રસ્ત મિલકતમાં ૧/૨ ભાગ છે. વાદીએ વધુમાં તેના દાવામા જણાવેલ છેકે, ગુજરનાર નારણભાઈ રુડાભાઈ ડાભી તથા ગુજરનાર પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમાના સંયુકત નામે ચોરવાડ ગામની સીમમા, ખાતા નંબર ૮૬ થી, સર્વે નંબર ૬૭૬/૧ પૈકીની (૧–૩૮–૬૧ હે.આરે.ચો.મી) તથા ચોરવાડ ગામની સીમમા, ખાતા નંબર ૩૮૩ થી, સર્વે નંબર ૬૮૩/૧ પૈકીની ( ૨–૦૨–૩૫ હે.આરે.ચો.મી) મળી કુલ્લે (૩–૪૦–૬૪ હે.આરે.ચો.મી) યાને કે ૨૨ વીઘા ૧૫ ગુંઠા જમીન આવેલી છે. ( **સદરહુ મિલકતોને હવે પછી આ દાવામા દાવાવાળી મિલકત અથવા તો વાદગ્રસ્ત મિલકત તરીકે ઓળખાવવામા આવી છે**) સદરહુ વાદગ્રસ્ત જમીનોમાં ખેડખાતામા, પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ગુજરી જતા પ્રતિવાદી ઓએ તેઓના નામો, રેવન્યુ રેકર્ડમા દાખલ કરાવેલ છે.

વાદીએ તેઓના દાવામા વધુમાં જણાવેલ છે કે, વાદીએ પણ નારણભાઈ રુડાભાઈ ડાભી ના વારસદાર તરીકે વારસાઈ એન્ટ્રી પડાવવા અરજી કરતા માળીયાના મહે. મામલતદાર સાહેબે, નોંધ નંબર ૪૩૧૯ થી, હકકપત્રક મા એન્ટ્રી પાડી, વાદીનુ નામ દાખલ કરેલ છે. ઉપરોકત નોંધ થતા, આ કામના પ્રતિવાદીઓએ વાંધો લેતા, કેસ તકરારી થતાં, માળીયા હાટીનાના મામલતદાર સાહેબે, તકરારી કેસ નંબર ૮૨/૧૦ થી, કેસ રજીસ્ટરે લીધેલ છે.

વાદીએ તેઓના દાવામા વધુમા જણાવેલ છેકે, ઉપરોકત મિલકતો સિવાય ચોરવાડ ગામ ની સીમમાં, વાદીના ગુજરનાર દાદા રુડાભાઈ સાંગાભાઈ ડાભી ની, માલિકીની જમીન આવેલી છે, પરંતુ તે અંગે વાદી પાસે હાલમા કોઈ વિગત નથી , ભવિષ્યમાં મિલકતની માહિતી મળતાં તે જમીન માં વાદીનો હિસ્સો, મેળવવાનો હકક વાદીએ અનામત રાખેલ છે.

ઉપરોકત પારા મા જણાવેલી જમીનોમા, વાદીનો કાયદેસરનો ૧/૨ ભાગ થાય છે. વાદીએ તેણીના હિસ્સાની જમીનનો ભાગ પાડી, વાદીને જમીનનો પ્રત્યક્ષ કબજો, સોપી આપવા, આ કામના પ્રતિવાદી નં.૧ ને અવારનવાર કહેવા છતાં, તેઓએ જમીનમા ભાગ પાડેલા નથી કે, જમીનનો કબજો વાદીને સોપેલ નથી. જેથી વાદીએ માળીયા હાટીનાના મામલતદાર સાહેબને વારસાઈ એન્ટ્રી પાડવા અરજી કરતા, ઉપરોકત નોંધ નંબર ૪૩૧૯ પાડવામા આવેલ છે.

**પ્રતિવાદીઓએ વાંધો લેતા, વાદીએ જમીનનો ભાગ મેળવવા અને પ્રતિવાદીઓ જમીનની ઉપજ ખાતા હોય, દાવા તારીખથી જમીનનો પ્રત્યક્ષ કબજો મળે ત્યાં સુધી દરમ્યાન ઉપજ મેળવવા માટે પણ હાલનો દાવો કરેલ છે.**

**વાદીએ તેઓના દાવામા વધુમા જણાવેલ છે કે, પક્ષકારો આ અદાલતની હકુમતના રહીશ છે . દાવાવાળી જમીન આ અદાલતની હકુમતમા આવેલી છે. વાદીએ પ્રતિવાદીઓને પોતાની ભાગની જમીનનો કબજો સોપી આપવા અવારનવાર કહેતા , ના આપતાં, મામલતદાર સાહેબે , ચોરવાડના હકકપત્રકમાં એન્ટ્રી નંબર ૪૩૧૯ પાડતા, અને તે સામે તકરારી કેસ થતાં, અને તકરારી કેશની નોટીસ મળતાં તા.૧૫–૨–૧૦ ના રોજ ઉતપન્ન થયેલ છે જેથી આ દાવો તેણીએ મુદતમા કરેલ હોવાની હકીકત જણાવી છે.**

**વાદીએ તેણીના દાવામા વધુમા જણાવેલ છે કે, હાલનો દાવો ખેતીની જમીનના ભાગ મળવા તથા દરમ્યાન ઉપજ મળવા માટેનો હોય, ખેતીની કુલ જમીન ૩ હેકટર ૪૦ આરે ૬૪ ચો.મી. હોય અને તેની વીધોટી રૂ.૧૮/૫૦ પૈસા થતી હોય, વાદીના ભાગની જમીન ૧/૨ થતી હોઈ, તેની વીધોટી રૂ.૯/૨૫ પૈસા થતી હોય, તેના ચાલીસ પટટ ગણતા, રૂ.૩૭૦/– થતા હોય તથા જમીનના કબજા માટે રૂ.૩૭૦/– નો કોર્ટ ફી ભરેલ છે. દરમ્યાન ઉપજ માટે હાલના દાવાનો આંક રૂ.૧૦૦૦/– બાધી, તેના ઉપર રૂ.૧૦૦/– કોર્ટ ફી મળી કુલ્લે રૂ.૪૭૦/– કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ છે. વાદગ્રસ્ત જમીનમાં વાદીનો ૧/૨ હિસ્સો હોય, વાદીના ભાગે ૧૧ વીઘા ૭.૫ ગુંઠા જમીન આવતી હોય એક વીઘાનો ભાવ આશરે રૂ.૧,૦૦,૦૦૦/– હોય, વાદીના હિસ્સાની જમીનની કિંમત રુપીયા ૧૧,૪૭,૦૦૦/– થતી હોઈ, નામદાર અદાલતની હકુમત માટે આંક રૂ.૧૧,૪૮,૦૦૦/– નો બાંધી હાલનો દાવો કરેલ છે.**

## સબબ વાદીએ હાલનો દાવો એવી દાદ માંગેલ છે કે,

**૧. ઉપર પેરા ૮ માં જણાવ્યા મુજબની, ચોરવાડ ની સીમની, સ.નં.૬૮૩/૧ પૈકીની (હે.આરે.ચોમી ૨–૦૨–૩૫) તથા સ.નં.૬૭૬/૧ પૈકીની (હે.આરે.ચો.મી. ૧–૩૮–૬૧)મળી કુલ જમીન( હે.આરે.ચો.મી.૩–૪૦–૬૪) ની જમીનોમાં વાદીનો ૧/૨ ભાગ છે તેમ ઠરાવી જાહેરાત આપશોજી.**

**૨. ઉપરોકત પારા ૮ વાળી વાદગ્રસ્ત જમીનના મીટસ એન્ડ બાઉન્ડસથી ભાગ પાડી વાદીની જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીને, પ્રતિવાદીઓ પાસેથી આપશોજી.**

**૩. દાવા તારીખથી વાદીના હિસ્સાની જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીને મળે ત્યાં સુધી ની દરમ્યાન ઉપજ પ્રતિવાદીઓ પાસેથી વાદીને આપશોજી.**

**૪. ઉપરોકત હકીકતનું પ્રાથમિક હુકમનામુ વાદીના લાભમા કરી આપશોજી.**

**૫. દાવાનો અદાલતી ખર્ચ આપશોજી. તથા બીજી મળી શકતી દાદ યા દાદો આપશોજી.**

**(૨) હાલનો દાવો, મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી વ્યાસ સાહેબ સમક્ષ, તા.૨૦/૩/૧૦ ના રોજ રજુ થતાં, પ્રતિવાદીઓને સમન્સ કાઢવાનો હુકમ થતાં, ધારાધોરણસર પ્રતિવાદીઓને સમન્સ ની બજવણી થતાં, તમામ પ્રતિવાદીઓ તરફે તેઓના વિ.વ.શ્રી કે. આઈ. ચંદનાણી મારફતે પ્રતિ વાદીઓ, અદાલત સમક્ષ હાજર થયેલા છે તથા તમામ પ્રતિવાદીઓએ આંક ૧૩ દાવા જવાબ રજુ કરેલ છે.**

**(૩) પ્રતિવાદીઓએ તેઓના વાંધા જવાબ આંક ૧૩ માં જણાવેલ છે કે , વાદી નો દાવો ખરો, કાયદેસર, શુધ્ધબુધ્ધિપુર્વકનો નથી, દાવામા સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતો નો ઈન્કાર કરવામા આવે છે. વાદીને દાવો લાવવા કોઈ સ્થાનાઅધિકાર નથી. વાદી ગુજરનાર નારણ ભાઈ રુડાભાઈ ડાભીની વારસપુત્રી હોવાનુ ખરુ નથી, કુરાઈબહેન અને નારણભાઈ વચ્ચેના લગ્ન સંબધોથી વાદીનો જન્મ થયાની હકીકત ખોટી છે. વાદી નારણભાઈ રુડાભાઈની દીકરી તરીકે દાવાવાળી મિલકતમાં કોઈપણ હકક હિત , હિસ્સો, લાગભાગ, ધરાવતી હોવાની અને તે મેળવવા હકકદાર હોવાનુ ખરુ નથી. દાવા અરજીના પારા ૨ નો ઈન્કાર કરેલ છે. દાવા અરજીના પારા ૩ સર્વાશે ખરા નથી, નારણભાઈ રુડાભાઈ ડાભીને, દાવાવાળી મિલકતમા કોઈપણ દરજજે હકક હિત કે અધિકાર હતા નહિ કે છે નહિ. દાવાવાળી મિલકત ગુજરનાર પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમાની સ્વતંત્ર માલિકીની મિલકત હતી અને છે. ગુજરનાર નારણભાઈ રુડાભાઈ નું ખેડખાતામા રેવન્યુ દફતરે નામ વિના કોઈ હકક , અધિકાર અને ગંભીર પ્રકારની ગેરસમજણ અને ભુલથી દાખલ થવા પામેલ છે. પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ને વિશ્રવાસમા રાખી, ગુજરનાર નારણભાઈ રુડાભાઈનું નામ રેવન્યુ દફતરે દાખલ કરવામા આવેલ હોય તેમ જણાય છે.આ કામના પ્રતિવાદીઓએ તેઓના વાંધા જવાબ મા વધુમા જણાવેલ છે કે, દાવા અરજીના પારા ૪ ની હકીકતો ખરી નથી. રુડાભાઈ સાંગાભાઈ ડાભીની કોઈ મિલકતો હતી જ નહિ કે છે જ નહિ.**

વાદીને તેની સાથે કાંઈ લાગતુ વળગતું નથી. પારા ૫ ની રજુઆતો બીલકુલ જુઠી છે. વાદી ને રેવન્યુ દફતરે એન્ટ્રી પડાવવા કે દરમ્યાન ઉપજ લેવા કોઈ હકક કે અધિકાર જ નથી. વાદી માંગે છે તેવો કોઈ ભાગ વાદીને મળવાપાત્ર નથી, વાદીનો હકક દસ્તાવેજોના આધારે સાબિત થઈ શકે નહિ. વાદીને દાવો લાવવા કોઈકારણ ઉતપન્ન થયું નથી. માંગવામા આવેલી દાદ યા દાદો વાદીને મળવાપાત્ર નથી. વધુમા પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, નારણભાઈ ડાભીનુ નામ મહેસુલી દફતરે ગેરસમજ કે ક્ષતિના કારણે દાખલ થતા તેનો ગેરલાભ લેવા, અપ્રમાણિક ઈરાદાથી હાલનો દાવો કરવામા આવેલ છે. જેથી રુ.૫૦૦૦/– કોમ્પેનસેટરી કોસ્ટ ના અપાવવા માટે પ્રતિવાદી ઓએ દાદ માંગી છે.

(૪) વાદી તરફે હાલના દાવા ના કામે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલા છે.

| | | |
|---|---|---|
| (૧) | નારણભાઈ રુડાભાઈ ડાભીનું મરણનું પ્રમાણપત્ર | ૧૮ |
| (૨) | ચોરવાડના સ.નં.૬૭૬/પૈકી/૧ ની ગામ નમુનો નં.૭/૧૨ ની નકલ | ૧૯ |
| (૩) | ચોરવાડના સ.નં.૬૮૩/૧ ની ગામ નમુનો નં. ૭/૧૨ ની નકલ | ૨૦ |
| (૪) | જમીન મહેસુલ કાયદાની કલમ ૧૩૫ ડી મુજબની નોટિસ | ૨૧ |
| (૫) | ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ | ૨૨ |
| (૬) | ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ | ૨૩ |
| (૭) | મહે. માળીયાના વિ.જયુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમા કરવામા આવેલી ફોજદારી પરચુરણ અરજી નં.૩૯/૯૮ ની ક્રિ.પો.કો.ક. ૧૨૫ ની અરજી ની કોર્ટની સહીસિકકાવાળી નકલ તથા તે અન્વયે રજુ થયેલ વાંધા જવાબની કોર્ટની સહીસિકકાવાળી નકલ | ૨૪ |
| (૮) | વાદી લીલીબહેન ના લગ્ન હરસુખભાઈ સાથે તા.૨૬/૪/૨૦૦૧ ના રોજ થયેલ છે તેની કંકોત્રીની નકલ | ૨૫ |
| (૯) | કંકોત્રીનું કવર | ૨૬ |
| (૧૦) | વાદી લીલીબહેન નારણભાઈ ડાભીનું સીપીસી ઓ.૧૮ રુલ ૪ નુ સોગંદનામુ તથા તે લગત થયેલ ઉ.ત. | ૨૭ |
| (૧૧) | જુનાગઢ ના મહે. ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાંથી માળીયા હાટીના ના મહે.જયુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટની ફો.પ.અ.નં.૩૯/૯૮ની નકલ માંગેલ તે અરજીની કોર્ટની સહી સિકકાવાળી નકલ | ૩૦/૧ |
| (૧૨) | વાદીના સાહેદ નંબર ૨ , કુરીબેન રાજાભાઈ રાઠોડ નુ સીપીસી ઓ.૧ | ૩૧ |

| | | |
|---|---|---|
| | **૮ રુલ ૪ નું સોગંદનામુ તથા તે લગત ઉ.ત.** | |
| **(૧૩)** | **ચોરવાડ ગામ નમુના નં.૮(અ)ખાતા નંબર ૮૬, જમીનની ખાતાવહીની સહીસિક્કા વાળી નકલ** | **૩૬** |
| **(૧૪)** | **ચોરવાડ ગામ નમુના નં.૮(અ)ખાતા નંબર ૩૮૩, જમીનની ખાતાવહીની સહીસિક્કા વાળી નકલ** | **૩૭** |

**(૫) આ સિવાય વાદી પક્ષે વધુ કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી, વાદી પક્ષે આંક ૩૮ થી વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા નથી તેમતલબની વાદીની કલોઝીંગ પુરસીસ રજુ થતા તે રેકર્ડ કરવામા આવી.**

**(૬) પ્રતિવાદીઓ તરફથી નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.**

| | | |
|---|---|---|
| **(૧)** | **પ્રતિવાદી સાહેદ નં.૧ રવિભાઈ પુંજાભાઈ ચુડાસમાનું સીપીસી ઓ.૧ ૮ રુલ ૪ મુજબ સરતપાસનુ સોગંદનામુ તથા તે લગત ઉ.ત.** | **૪૧** |
| **(૨)** | **પ્રતિવાદી સાહેદ નં.૨ , કાસમભાઈ સીદીભાઈ ગંદ્રા નુ સીપીસી ઓ.૧ ૮ રુલ ૪ મુજબ સરતપાસનું સોગંદનામુ તથા તે લગત ઉ.ત.** | **૪૯** |
| **(૩)** | **પ્રતિવાદી સાહેદ નં.૩ , કાનાભાઈ મસરીભાઈ સેવરા નુ સીપીસી ઓ.૧ ૮ રુલ ૪ મુજબ સરતપાસનુ સોગંદનામુ તથા તે લગત ઉ.ત.** | **૫૦** |

**(૭) આ સિવાય, પ્રતિવાદી પક્ષે વધુ કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી, પ્રતિવાદી પક્ષે આંક ૫૩ થી, વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા નથી, તે મતલબની કલોઝીંગ પુરસીસ રજુ થતા તે રેકર્ડ કરવામા આવી.**

**(૮) આ કામે આંક ૧૬ થી, તા.૨૩–૩–૧૧ ના રોજ, નીચે મુજબના મુદાઓ ધઢવામા આવ્યા છે.**

## ISSUES

| | |
|---|---|
| 1 | Whether the plainntiff proves that she and the defendants are the |

| | |
|---|---|
| | members of the joint hindu family? |
| 2 | Whether the plaintiff proves that the suit properties are ownership of joint hindu family? |
| 3 | Whether the plaintiff proves that the she has 1/2 share in the suit properties ? |
| 4 | Whether plaintiff proves that the suit properties are liable to partioned? if yes , what is the share of each party? |
| 5 | Whether defendants proves that plaintiff is not daughter of late Naranbhai Rudabhai Dabhi? |
| 6 | Whether defendants proves that they are the sole owner of the suit properties? |
| 7 | What order and decree? |

**(૯) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**૧. હકારમાં,**

**૨. હકારમાં,**

**૩. હકારમાં,**

**૪. હકારમાં,**

**૫. નકારમાં,**

**૬. નકારમાં,**

**૭. આખરી હુકમ મુજબ**

**(૧૦) <u>કારણો</u>**

**વાદીએ તેમના કેસના સમર્થનમાં, લીલીબહેન નારણભાઈ ડાભી ને આંક ૨૭ થી તપાસેલા છે, તેઓની ઉ.ત. વિ.વ.શ્રી ચંદનાણીભાઈએ પ્રતિવાદીઓ તર્ફે કરેલ છે. તે ઉલટતપાસના અંશો જોવામા આવે તો, તેમા જણાવવામા આવેલ છે કે, દાવાવાળી મિલકત મારા દાદા રુડાભાઈ સાંગાભાઈ ડાભીના નામે હતી અને ત્યારબાદ તે જમીન મારા પિતાજી નારણભાઈ રુડાભાઈ ડાભી અને જશુબહેન પુંજાભાઈ ચુડાસમા( મારા ફુઈ) ના નામે આવેલી.દાવાવાળી મિલકત મારા દાદા રુડાભાઈ સાંગાભાઈના નામે હતી તે બતાવવા મારી પાસે કોઈ આધાર પુરાવો હાલમાં નથી. એ વાત ખરી નથી કે, મિલકત પુંજાભાઈની છે. મારી માતા કુરાઈ બહેન અને નારણ**

ભાઈ વચ્ચે કયારે છુટાછેડા થયેલા તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારા માતા પિતા છુટાછેડા થયા તે અગાઉ વર્ષોથી અલગ અલગ રહેતા હતા. મારો જન્મ મારા પિતાજીને ત્યાં ચોરવાડ મુકામે થયેલ છે. એ વાત ખરી છે કે, મે મારા માતાપિતાને સાથે રહેતા જોયેલા નથી. કારણ કે તે વખતે હુ નાની હતી. એ વાત ખરી નથી કે, નારણભાઈનું નામ રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે ચઢાવવામા આવેલ છે. દાવાવાળી મિલકત અન્વયે, રેવન્યુ દફતરે નારણભાઈના વારસદાર તરીકે મારુ નામ દાખલ થયેલ નથી, સાહેદ જણાવે છે કે મારી વારસાઈ એન્ટીમા નોંધ થઈ ગયેલી છે,અને તે નોંધ પ્રમાણીત થયેલી નથી.

(૧૧) વાદીના સાહેદ નં.ર , કુરાઈબેન ઉર્ફે કુરીબહેન રાજાભાઈ રાઠોડને આંક ૩૧ થી તપાસવામા આવ્યા છે, તેઓની ઉ.ત. વિ.વ.શ્રી ચંદનાણીભાઈએ પ્રતિવાદીઓ તરફે કરેલ છે. તે ઉ.ત. ના અંશો જોવામાં આવે તો, નારણભાઈ રુડાભાઈના બાપનું નામ સાગાભાઈ હતુ. રુડા ભાઈ સાંગાભાઈના નામે ખેતીની જમીન હતી. કેટલી વીઘા હતી, તે ખબર નથી. જશુબહેન રુડાભાઈ ના લગ્ન પછી, દાવાવાળી જમીન વેચાણ થી લેવામા આવી હોઈ તેવુ બનેલ નથી. નારણભાઈ અને જશુબહેનનું નામ કઈ રીતે ચઢયુ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, રે.સ.નં.૬૭૬ વાળી જમીન, પુંજાભાઈએ વેચાતી રાખી છે . એ વાત ખરી છે કે, પુંજાભાઈ ખાતેદાર ખેડુત ના હતા.

(૧ર) પ્રતિવાદી તરફે, સાહેદ નંબર ૧, રવિભાઈ પુંજાભાઈ ચુડાસમાને, આંક ૪૧ થી તપાસેલા છે, તેઓની ઉ.ત. વિ.વ.શ્રી જે.ડી.પારેખે કરેલ છે, તેમની ઉ.ત. ના અંશો જોવામા આવે તો, તેમણે એ હકીકત કબુલ કરી છે કે, વાદવાળી જમીન, હાલમા નારણભાઈ રુડાભાઈ ડાભી તથા પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ના નામે રેવન્યુ દફતરે ચાલી આવેલ છે. નારણભાઈ રુડાભાઈ મારા મામા થાય છે. પુંજાભાઈ હમીરભાઈતેઓના પિતા થાય છે. મારી માતાનુ નામ જશુબહેન રુડાભાઈ ડાભી હતું, જશુબહેન રુડાભાઈ અને નારણભાઈ રુડાભાઈ સગા ભાઈ બહેન છે. મારા મામીનું નામ કુરાઈબહેન છે. નારણભાઈ રુડાભાઈ ડાભી અને કુરાઈબહેન પતિ પત્ની હતા અને તેઓ બંને વચ્ચે છુટાછેડા થયેલા છે. કુરાઈ બહેન અને નારણભાઈ વચ્ચે સી. આર. પી. સી. કલમ ૧૨૫ મુજબનો કેસ થયેલ છે, તેમા સમાધાન થયેલ છે. એ વાત ખરી છે કે, જશુબેન રુડાભાઈ ડાભીનું નામ હતુ, તેમા રુડાભાઈ નુ નામ કાઢી, તેની જગ્યાએ પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા નુ ખેડુત તરીકે નામ ચઢાવેલુ છે. એ વાત ખરી છે કે, વાદગ્રસ્ત મિલકત કઈ સાલમાં, કેટલી રકમ માં કોની

**પાસેથી લીધેલી તે અંગે મને માહીતી નથી. એ વાત ખરી છે કે, વાદગ્રસ્ત જમીનમાંથી વાદી લીલીબહેન નારણભાઈ ડાભીએ તેનો હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે તે અંગેનુ કોઈ લખાણ મારી પાસે નથી. એ વાત ખરી છે કે, નારણભાઈ રુડાભાઈ ડાભી અને જશુબહેન રુડાભાઈ ડાભી ના નામે જમીન કેવી રીતે અને કયાથી આવેલ છે તેની મને ખબર નથી.**

**(૧૩) પ્રતિવાદી સાહેદ નંબર ૨ , કાસમભાઈ સીદીભાઈ ગંદ્રા ને આંક ૪૯ થી તપાસેલા છે, તેઓની ઉ.ત. વિ.વ.શ્રી જે.ડી.પારેખે લીધી છે. તેમા તેઓએ એ હકીકત કબુલ કરી છે કે, પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા મામલતદાર તરીકે ઘણા વરસોથી નોકરી કરતા હતાં, અને તેના ઘરના સભ્યે ચોરવાડ મા રહેતા હતા. એ વાત ખરી છે કે, પુજાભાઈ હમીરભાઈએ કેટલી જમીન કયાં રાખેલી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, જશુબહેન ના પિતા રુડાભાઈ સાંગાભાઈ ડાભી ખેડુત હોવાથી જશુબહેન પણ ખેડુત ખાતેદાર થયેલા છે . એ વાત ખરી છે કે, નારણભાઈ રુડાભાઈ ડાભી પણ ખાતેદાર થયા છે. નારણભાઈ અને જશુભાઈ રુડાભાઈના સંતાનો છે.એ વાત ખરી છે કે , જશુબહેન અને નારણભાઈને વડીલોપાર્જિત મિલકત મળેલી હોવાથી, તે બંને ખેડુત ખાતેદાર થયેલા છે. એ વાત ખરી છે કે, જશુબહેનના પિતાનુ નામ કમી કરી, પુંજાભાઈએ પોતાનુ નામ રેવન્યુ રેકર્ડમા લખાવેલ છે. એ વાત ખરી છે કે, નારણભાઈના લગ્ન કુરાઈબહેન સાથે થયેલા હતા, અને ત્યારબાદ તેમણે છુટાછેડા લીધેલા હતા. એ વાત ખરી છે કે, નારણભાઈ અને કુરાઈ બહેને છુટાછેડા લીધા ત્યારે, વારસમા એક માત્ર દીકરી સંતાન, લીલીબહેન નારણભાઈ ડાભી હતા. એ વાત ખરી છે કે, નારણભાઈ રુડાભાઈ પાસે વડીલોપાર્જિત મિલકત છે તેવી રીતે જ તેના ભાઈ ભીખાભાઈ રુડાભાઈ પાસે પણ વડીલોપાર્જિત મિલકત આવેલી છે.**

**(૧૪) પ્રતિવાદી ના સાહેદ નંબર ૩, કાનાભાઈ મસરીભાઈ સેવરા ની જુબાની, આંક ૫૦ થી નોધવામા આવી છે , તેમની ઉ.ત. વિ.વ.શ્રી જે.ડી.પારેખે લીધેલ છે, તેઓની ઉ.ત. ના કેટલાક અંશો જોવામા આવે તો, જશુબહેનના ભાઈનુ નામ નારણભાઈ છે. એ વાત ખરી છે કે, પુંજાભાઈ હમીર ભાઈ ખેડુત ખાતેદાર ના હતાં, એ વાત ખરી છે કે, મારા મામા પુંજાભાઈ હમીરભાઈ મામલતદાર તરીકે, માળીયા હાટીના તાલુકામા નોકરી કરતા હતા. જો કોઈ વ્યકતિ ખેડુત ના હોય તો તે ખેતીની જમીન ખરીદી શકે નહિ, તે હકીકત ની કબુલાત આપી છે. એ વાત ખરી છે કે, નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈના નામનું સયુકત ખેડખાતુ ચાલે છે. તેમા જશુબહેન રુડાભાઈનુ નામ છે, તેમાંથી તેના પીતાનું નામ રુડાભાઈનું નામ કમી કરી, તેના પતિ**

**પુંજાભાઈએ(સાહેદના મામા) એ પોતાનું નામ રેવન્યુ રેકર્ડ ઉપર ચઢાવી દીધુ છે. એ વાત ખરી છે કે, રુડાભાઈ સાંગાભાઈ ના નામે ખેતીની જમીન હતી, તેમાંથી નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈ ખાતેદાર ખેડુત થયેલા છે. એ વાત ખરી છે કે, નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈએ જમીન ચોરવાડ ના બાહમણ પાસેથી રુ.૯૮૫૦/– મા ૧૯૬૭ ની સાલમા વેચાણ રાખેલ છે, તે હકીકત મે મારા સોગંદ નામામા જણાવી નથી. નારણભાઈ અને કુરાઈબહેનના છુટાછેડા થયેલા છે.**

**(૧૫) ઉપર મુજબના દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ આ અદાલત સમક્ષ પક્ષકારોએ રજુ કરેલા છે. વાદીના દાવાની હકીકત તથા પ્રતિવાદીનો જવાબ, વાદી તથા પ્રતિવાદી પક્ષની દલીલો લેખીતમા રજુ થયેલ છે તે તમામ હકીકતો તથા રેકડ ઉપરની હકીકતો ધ્યાનમા લીધી.**

**(૧૬) <u>મુદા નંબર ૧ થી ૪ :–</u>**

**તમામ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા છે, પુનરાવર્તન ઘટે અને સાનુકુળતા વધે તે કારણોસર, તે તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામા આવી છે. મુદા નંબર ૧ થી ૪ ની હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદીના શિરે છે.**

**(૧૭) આ કામે રજુ કરવામાં આવેલા લેખીત તથા મૌખિક પુરાવાઓ જોતાં, વાદી તથા આ કામના પ્રતિવાદીઓ હિંદુ ધર્મના છે તે બાબતે કોઈ તકરાર રહેતી નથી. વાદીની જુબાની, વાદી ની માતા કુરાઈબહેનની જુબાની લક્ષમાં લેતા , વાદી ગુજરનાર નારણભાઈ રુડાભાઈ ડાભીની એક માત્ર પુત્રી સંતાન છે, જયારે પ્રતિવાદી પક્ષના, તે હકીકતનો ઈન્કાર, તેમના દાવા જવાબમા કરે છે, પરંતુ ખુદ, પ્રતિવાદી ના સાહેદ નં.૧, રવિભાઈ પુંજાભાઈની જુબાની લક્ષમા લેતા, તેઓએ જણાવેલ છે કે , <u>મારા મામીનું નામ કુરાઈબહેન છે. નારણભાઈ રુડાભાઈ ડાભી અને કુરાઈબહેન પતિપત્ની હતા અને તેઓ બંને વચ્ચે છુટાછેડા થયેલા છે. કુરાઈ બહેન અને નારણભાઈ વચ્ચે સી.આર.પી.સી. કલમ ૧૨૫ મુજબનો કેસ થયેલ છે તેમા સમાધાન થયેલ છે</u> તેવી હકીકતનો સ્વીકાર કરે છે, તથા પ્રતિવાદીના સાહેદ નંબર ૨ કાસમભાઈ સીદીભાઈ ગંદ્રા આંક ૪૯ ની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે <u>" એ વાત ખરી છે કે, નારણભાઈના લગ્ન કુરાઈબહેન સાથે થયેલા હતા,અને ત્યારબાદ તેમણે છુટાછેડા લીધેલા હતા. એ વાત ખરી છે કે, નારણભાઈ અને કુરાઈ બહેને છુટાછેડા લીધા ત્યારે વારસમા એક માત્ર દીકરી સંતાન લીલીબહેન</u>**

નારણભાઈ ડાભી હતા ''' તે હકીકતનો સ્વીકાર કરેલ છે ત્યારે, વાદી લીલીબહેન તે નારણભાઈ રુડાભાઈ અને કુરાઈ બહેનના લગ્ન જીવનથી જન્મેલ સ્ત્રી સંતાન છે તે હકીકત ના માનવાને કોઈ કારણ જણાતુ નથી, સબબ , હુ પ્રતિવાદીના વિ.વ.શ્રી ની, એ દલીલ સાથે સહમત થતો નથી કે, વાદી, ગુજરનાર નારણભાઈ અને કુરાઈ બહેનના એક માત્ર સ્ત્રી સંતાન નથી. તદઉપરાંત પ્રતિ –વાદી ના સાહેદ રાજાભાઈ એ કબુલ કરેલ છે કે, વાદી તેના મામા ની દીકરી થાય છે. વળી વાદી પક્ષે, વાદી નારણભાઈ અને કુરાઈ બહેનનુ સ્ત્રી સંતાન છે તે બતાવવા માટે આ કામે આંક ૨૪ ની મહે. માળીયા હાટીના કોર્ટના વિ. જયુ. મેજી. ફ. ક . સાહેબની કોર્ટમા, દાખલ કરવામા આવેલ ફો. પ. અ. નં. ૩૯/૯૮ ની અરજીની તથા વાંધા જવાબ ની, કોર્ટની સહી સિકકાવાળી નકલ રજુ કરેલ છે, તે આંક ૨૪ નો દસ્તાવેજી પુરાવો જોતાં, તેના પારા ૧ માં કુરાઈબહેન ઉર્ફે કુરીબહેન સાથે નારણભાઈના લગ્ન થયેલાની હકીકતનો તથા અરજદાર નંબર ૧ તથા ૨ અનુક્રમે નારણભાઈ ની પત્ની તથા પુત્રી થતા હોવાની હકીકતને સંપુર્ણ સમર્થન મળે છે. વળી આંક ૨૫ ની કંકોત્રી વાદીના લગ્ન વખતે લખવામા આવેલી છે, તેમાં લીલીબહેનના પિતા તરીકે, નારણભાઈ રુડાભાઈ ડાભીનું તથા માતા તરીકે કુરાઈબહેનનું નામ દર્શાવવામા આવેલ છે, તે સંજોગોમા, વાદી નારણભાઈ અને કુરાઈ બહેનનું એક માત્ર સ્ત્રી સંતાન હોવાની હકીકત સાબિત થાય છે. આ સિવાય વિરુધ્ધ કોઈ હકીકત વાદી તથા પ્રતિવાદી પક્ષ તરફથી, રેકર્ડ ઉપર આવી નથી ત્યારે, વાદી એક માત્ર સ્ત્રી સંતાન હોવાની હકીકતને સર્મથન મળે છે.

(૧૮) દાવાવાળી મિલકતો, હિંદુ સંયુકત અવિભકત કુટુંબની મિલકતો છે કે કેમ? તે બાબતે પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, આંક ૨૨ થી હકકપત્રક ગામ નમુના નંબર ૬ ની એન્ટ્રી નંબર ૧૨૩૮ જોવામા આવે તો, તેમા સ્પષ્ટ જણાવવામા આવેલ છે કે ચોરવાડ ગામે કોળી નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈ ના નામનું સંયુકત ખેડખાતુ ચાલે છે, તેમાંથી રુડા ભાઈ નું નામ કમી કરવામા આવેલ છે, અને તેની જગ્યાએ, પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા નુ નામ ચઢાવવામા આવેલ છે. યાને કે મિલકત રુડાભાઈ સાંગાભાઈ ડાભી વિ. ની વડીલોપાર્જિત મિલકત હતી. આ બાબતે પક્ષકારો તરફથી રજુ કરવામા આવેલ મૌખિક પુરાવાઓ જોવામાં આવે તો વાદી તથા તેના માતા તેઓની જુબાનીમાં જણાવે છે કે ''' દાવાવાળી મિલકત મારા દાદા રુડાભાઈ સાગાભાઈ ડાભીના નામે હતી અને ત્યારબાદ તે જમીન મારા પિતાજી નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન (વાદીના ફોઈ)પુજાભાઈ ચુડાસમા ના નામે આવેલી છે.''' તે રીતે દાવાવાળી મિલકતો, વાદીના દાદા રુડાભાઈ સાંગાભાઈના વખતથી પરાપુર્વ થી ચાલી

**આવેલ છે, તે હકીકત ના માનવાને કોઈ કારણ નથી. વળી આ સાથે કુરાઈબહેનની આંક ૩૧ ની જુબાની લક્ષમા લેતા, તેઓએ તેઓની ઉ.ત. મા જણાવેલ છે કે, રુડાભાઈ સાગાભાઈ ના નામે ખેતીની જમીન હતી "**

**તદઉપરાંત ખુદ, પ્રતિવાદીના સાહેદ, રવિભાઈ પુંજાભાઈચુડાસમા, તેઓની આંક ૪૧ ની ઉ.ત. મા કબુલ કરે છે કે, વાદવાળી જમીન નારણભાઈ રુડાભાઈ ડાભી અને પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ના નામે રેવન્યુ દફતરે ચાલી આવેલ છે''' એ વાત ખરી છે કે રુડાભાઈ નુ નામ કાઢી તેની જગ્યાએ તેઓના પિતાનું નામ રેવન્યુ દફતરે ચઢાવવામા આવેલ છે , મિલકત વડીલોપાર્જિત છે કે કેમ? તે બાબતે વિશેષમા જોઈએ તો, ખુદ પ્રતિવાદીના સાહેદ કાસમભાઈ સીદીભાઈ ગંદ્રા તેઓની આંક ૪૯ ની ઉ.ત.મા કબુલ કરે છે કે, '''એ વાત ખરી છે કે જશુબહેનના પિતા રુડાભાઈ સાગાભાઈ ડાભી ખેડુત હોવાથી જશુબહેન પણ ખેડુત ખાતેદાર થયેલ છે" તદ ઉપરાંત તેઓએ કબુલ કરેલ છે કે ''' એ વાત ખરી છે કે જશુબહેન અને નારણભાઈને વડીલોપાર્જિત મિલકત મળેલી હોવાથી તે બંને ખેડુત ખાતેદાર થયેલા છે''' તથા ખુદ પ્રતિવાદીના સાહેદ નંબર ૩ કાનાભાઈ મસરીભાઈ સેવરા તેઓની આંક ૫૦ ની જુબાનીમા ઉ.ત. માં પાન નંબર ૪ ઉપર કુબુલ કરેલ છે કે, ''' એ વાત ખરી છે કે નારણભાઈ રુડાભાઈના પિતા રુડાભાઈ સાંગાભાઈ ખેડુત હતાં, " તે તમામ સંજોગો લક્ષમા લેતા, દાવાવાળી મિલકત રુડાભાઈ સાગાભાઈ ની વડીલોપાર્જિત મિલકતો હતી, તે હકીકતો ને મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી સર્મથન મળે છે. તે તમામ સંજોગોમાં વાદી તે હકીકત પુરવાર કરવામા સફળ રહેલા છે કે વાદીના દાદા રુડાભાઈ સાંગાભાઈની વડીલોપાર્જિત મિલકતો ચાલી આવેલ છે.**

**(૧૯) કાયદાકીય જોગવાઈઓ લક્ષમા લઈએ તો, હિંદુ લો મુજબ , આ અગાઉ ભુતકાળમાં, વડીલો પાર્જિત મિલકતમાં, પુત્રનુ જન્મ થી હિત રહેલુ હતુ, ૧૯૫૬ નો હિંદુ વારસા ધારો અમલમા આવ્યો તે પછી, વારસદારો તે મુજબ નકકી થતા હતાં, અને છેલ્લે ૨૦૦૫ ના સુધારા મુજબ, દીકરી ને પણ દીકરાના જેટલા જ હકકો વડીલોપાર્જિત મિલકતોમા આપવામા આવેલા છે. આ અગાઉ પણ હિંદુ લો મા વારસદારોના પરિશિષ્ટ ૧, ૨, ૩ આપવામા આવેલા હતા અને તે મુજબ, પરિશિષ્ટ ૧ ના વારસો ના હોય, તો પરિશિષ્ટ ૨ ના વારસોને, મિલકત મળે તેવી જોગવાઈ અમલમા હતી. નવા સુધારા મુજબ સુધારા કલમ ૬ મુજબ, સમભાગી મિલકતમાંનુ હિત પ્રાપ્ત થવા બાબતે, હિંદુ વારસાહકક (સુધારા) અધિનિયમ ૨૦૦૫ ની આરંભની તારીખે અને તે તારીખથી, મીતાક્ષરી કાયદા અનુસાર, ચાલતા સંયુકત હિંદુ પરિવાર મા સમભાગી**

(કો પાર્સનર) તરીકે પુત્રીને પણ મિલકત ધારણ કરવાના હકકો, જન્મના આધારે જ, આપવાનું નકકી કરવામાં આવ્યુ છે. સબબ વાદી કાયદા કીય જોગવાઈ મુજબ પણ પોતાનો હિસ્સો લેવા હકકદાર બને છે તેમ હુ માનુ છુ.

(૨૦) રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરવામા આવે તો, વાદવાળી જમીન મુળ રુડાભાઈ સાંગાભાઈ ડાભી ની માલિકીની ચાલી આવેલી હતી. વારસાઈ એન્ટી પડતા તેમા નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈનુ નામ દાખલ કરવામા આવેલ છે. તે અંગેની એન્ટ્રી નંબર ૨૩૮ તા.૧૨/૩/૮૪, આંક ૨૨ થી રજુ કરવામા આવેલ છે , સદરહુ એન્ટ્રી જોવામા આવે તો, રુડાભાઈ સાગાભાઈનુ નામ કમી કરી તેની જગ્યાએ, જશુબહેન પુંજાભાઈ નું નામ દાખલ કરવામા આવેલ છે, અને તે રીતે, વાદીના પિતા, અને પ્રતિવાદીઓના માતા ના નામો ચાલી આવેલ હોઈ, હિદુ અવિભકત કુટુંબ ના સભ્યોના નામો ચઢાવવામા આવેલ છે, અને તે રીતે દાવાવાળી મિલકતો, હિદુ અવિભકત કુટુંબની તથા હિદુ અવિભકત કુટુંબના પક્ષકારો સભ્ય હોવાની, હકીકત સાબિત થાય છે, જેથી મુદા નંબર ૧ નો જવાબ હકારમા આપવામા આવે છે.

<u>(૨૧) મુદા નંબર ૨ :–</u>

મુદા નંબર ૨ બાબતે, પુરાવાકીય મુલ્યાંકન કરવામા આવે તો, રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ જોતાં, દાવાવાળી મિલકત, મુળ રુડાભાઈ સાંગાભાઈની માલિકીની હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. અને તે રીતે, તે હિંદુ સંયુકત કુટુંબની મિલકત છે. રુડાભાઈ સાંગાભાઈ ગુજરી જતાં, નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈ ના નામો વારસાઈ હકકે રેવન્યુ દફતરે ચાલી આવેલા હતા. વાદીએ પોતાની આંક ૨૭ ની જુબાનીના પારા ૩ માં વાદવાળી જમીન નારણભાઈ અને જશુબહેનના સંયુકત નામે ચાલતી હોવાની હકીકત જણાવી છે. ત્યારબાદ જશુબહેનના નામ પાછળ થી તેના પિતાનું નામ કમી કરી, તેની જગ્યાએ જશુબહેનના પતિ પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા નું નામ દાખલ કરવામા આવેલ છે. માત્ર પુંજાભાઈનુ નામ દાખલ થવાથી, મિલકતનું સ્ટેટસ બદલાઈ જતુ નથી. તે મિલકત ગુજરનાર નારણભાઈ રુડાભાઈ ડાભી ની, હિંદુ સંયુકત કુટુંબની માલિકીની જ રહે છે, જેથી મુદા નંબર ૨ નો જવાબ પણ હુ હકારમા આપુ છુ.

**<u>(૨૨) મુદા નંબર ૩–૪ :–</u>**

**મુદા નંબર ૩ તથા ૪ જોઈએ તો, શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળી મિલકતો મા તેણીનો ૧/૨ ભાગ છે, તથા દાવાવાળી મિલકતો વિભાજનને પાત્ર છે કે કેમ? અને જો, હા તો, દરેક પક્ષકારોનો કેટલો હિસ્સો રહે છે? તે બંને મુદાઓ અરસપરસ સંકળાયેલા છે, તેથી તેની ચર્ચા એક સાથે કરવી હુ સાનુકુળ માનુ છુ. વાદી લીલીબહેન નારણભાઈ રુડાભાઈ અને કુરાઈ બહેન નારણભાઈ ડાભીનુ એક માત્ર સંતાન છે, બીજા સંતાનો છે કે કેમ? તે બાબતે કોઈ એડવર્સ હકીકત રેકર્ડ ઉપર આવી નથી ત્યારે, તેણી, એક માત્ર સ્ત્રી સંતાન હોવાની હકીકત માની શકાય તેમ છે. ગુજરનાર નારણભાઈ રુડાભાઈના એક માત્ર વારસદાર વાદી છે. આ કામમા રજુ કરવામા આવેલી આંક ૨૨ ની રેવન્યુ એન્ટ્રી નંબર ૨૩૮ જોવામા આવે તો તે, એન્ટીથી નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈના નામો ચઢાવવામા આવેલા છે. નારણભાઈ ના વારસોમા એક માત્ર સ્ત્રી સંતાન વાદીયણ છે, જયારે જશુબહેનના વારસોમા, આ કામના પ્રતિવાદીઓ છે , યાને કે પુંજા ભાઈ હમીરભાઈ ના વારસો છે, તે સંજોગોમા, દાવાવાળી મિલકતોમાં, ૧/૨ ભાગ વાદીયણ ને મળવા પાત્ર છે, જયારે બાકીનો ૧/૨ ભાગ, પ્રતિવાદીઓને યાને કે, પુંજાભાઈ હમીરના વારસો ને મળવા પાત્ર છે. વળી ક્ષણભર પ્રતિવાદીઓની હકીકત સાચી માની લેવામા આવે તો પણ , પ્રતિવાદીઓ ના પિતા પુંજાભાઈ હમીરભાઈ ચુડાસમા ખેડુત ખાતેદાર ના હતાં, તેઓ મામલતદાર તરીકે માળીયા હાટીના તાલુકામા નોકરી કરતા હતાં, પુંજાભાઈએ ખેતીની જમીન તેની પત્ની જશુબહેનના નામ ઉપર ખરીદ કરેલ હોય તો પણ નારણભાઈ રુડાભાઈ અને જશુબહેન રુડાભાઈ વચ્ચે કાયદેસરનો કોઈ અવેજ કે પૈસાની લેતી દેતી થઈ નથી. પુંજાભાઈએ પૈસા ચુકવી આપેલાની હકીકત સાબીત થતી નથી. તે સ્પષ્ટ રીતે, સાબિત ના થાય ત્યાં સુધી, નારણભાઈ રુડાભાઈ ની જમીન નથી કે, તેમા વાદીયણનો કોઈ હિસ્સો નથી, તેવુ કહી શકાય તેમ નથી, તે સજોગોમા પણ વાદી દાવાવાળી મિલકતોમાંથી ૧/૨ હિસ્સો મેળવવાને હકકદાર બને છે. વાદવાળી મિલકતો વિભાજન ને પાત્ર છે કે કેમ? તે બાબતે જોઈએ તો, વાદી અને પ્રતિવાદી અલગ અલગ રહે છે. વાદી ના ભાગ ની જમીન પ્રતિવાદીઓ , બીજા ખેડુત પાસે ખેડાવતા હોય, અને તેની ઉપજ લેતા હોય જયારે વાદી નો કાયદા મુજબ ૧/૨ હિસ્સો દાવાવાળી મિલકત પરત્વે જણાઈ આવે છે ત્યારે, દાવાવાળી મિલકતો નુ વિભાજન થવુ જરુરી છે. આગળ ઉપર ચર્ચા કરી છે તે મુજબ વાદીનો દાવાવાળી મિલકતમાં ૧/૨ હિસ્સો છે, જયારે ૧/૨ હિસ્સો પ્રતિવાદી પુંજાભાઈ હમીરભાઈ ના વારસો નો છે.**

(૨૩) મુદા નંબર ૧ થી ૪ ની હકીકતો વાદીએ, દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ થી સાબિત કરી છે, તેમ હુ માનુ છુ કારણ કે, આ કામે વાદી આંક ૨૭ તથા તેઓની માતાની આંક ૩૧ ની જુબાની નોધવામા આવી છે. આંક ૧૮ થી વાદીના પિતાનુ મરણનુ સર્ટિફીકેટ રજુ કરેલ છે. આંક ૧૯ તથા ૨૦ થી વાદવાળી જમીનોની ૭/૧૨ ની નકલો, તથા આંક ૨૧ થી કલમ ૧૩૫ ડી ની નોટિસ રજુ કરેલ છે, તેમા એન્ટ્રી નંબર ૨૩૮, તા.૧૨/૩/૮૪ ની રજુ કરેલ છે. આંક ૨૩,૨૪ થી વાદી ની માતા એ નારણભાઈ સામે ક્રિ.પો.કો.ક.૧૨૫મુજબ અરજી કરેલી અને તેમા જવાબ રજુ કરવામા આવેલ છે, તેમા વાદીયણ નારણભાઈ રુડાભાઈની પુત્રી હોવાની હકીકત સ્પષ્ટ માની શકાય તેમ છે. આંક ૨૫ થી વાદીના લગ્નની કંકોત્રીમા માતા પિતા તરીકે કુરાઈ બહેન અને નારણ ભાઈનુ નામ સ્પષ્ટ જણાઈ છે. આંક ૬ ની અરજીની ખરી નકલ કોર્ટ પાસે માંગતાં, નકલ મળી શકે તેમ નથી, તેવી હકીકત પણ રેકર્ડ ઉપર થી જણાઈ છે. આંક ૩૬ તથા આંક ૩૭ થી ૭/૧૨ ની નકલો, વાદવાળી જમીનોની રજુ કરેલ છે.વાદીની જુબાની આંક ૨૭ થી તથા તેની માતાની જુબાની આંક ૩૧ થી થયેલ છે, તેમા વાદીના સાહેદો અટલ રહેલા છે. વાદગ્રસ્ત જમીન નારણભાઈ રુડાભાઈ અને પ્રતિવાદીઓના નામ ઉપર મહેસુલી દફતરે ચાલી આવેલી હોવાની હકીકત બંને પક્ષે સ્વીકાર્ય છે ત્યારે, વાદી તેઓનો દાવાની હકીકતો પુરવાર કરવામા સફળ રહેલા છેતેમ હુ માનુ છુ.

<u>(૨૪) મુદા નંબર ૫ તથા ૬ :–</u>

મુદા નંબર ૫ ની હકીકત જોઈએ તો, પ્રતિવાદીએ તેઓના જવાબમા તથા પ્રતિવાદી પક્ષે થયેલી જુબાનીમા, વાદી નારણભાઈ રુડાભાઈની પુત્રી નથી, તેવી હકીકત જણાવેલી છે, તે હકીકતો પ્રતિવાદી પક્ષ, આગળ ઉપર ચર્ચા કરેલી છે તે મુજબ સાબિત કરી શકતા નથી.
પ્રતિવાદીના સાહેદ, રવીભાઈ પુંજાભાઈ, તેઓની ઉ.ત. મા નારણભાઈ રુડાભાઈ ડાભી અને કુરાઈ બહેન પતિ પત્ની હતા અને તેઓ વચ્ચે છુટાછેડા થયાની હકીકત સ્વીકારે છે.વાદી એક માત્ર સ્તી સંતાન છે. તે જ રીતે પ્રતિવાદીના સાહેદ કાસમભાઈ આંક ૪૧ ની જુબાનીમા વાદી નારણભાઈ અને કુરાઈ બહેનની એક માત્ર સ્ત્રી સંતાન હોવાની હકીકત સ્વીકારે છે. તથા પ્રતિવાદીના સાહેદ કાનાભાઈ મસરી ભાઈ પુંજાભાઈ ના સગા ભાણેજ થાય છે, તેઓએ નારણભાઈ અને કુરાઈ બહેન પતિ પત્ની થતા હોવાની હકીકત સ્વીકારે છે. વળી આ કામે કોર્ટની સહી સિકકાવાળી નકલો રજુ થયેલ છે તે, પબ્લીક ડોકયુમેન્ટની વ્યાખ્યામા આવે છે, તેમા કુરાઈ બહેન અને નારણભાઈ પતિ પત્ની અને વાદી તથા નારણભાઈ પુત્રી પિતાનો સંબધ ધરાવતા હોવાની હકીકત સ્પષ્ટ સાબીત થાય છે. વળી કોર્ટની સહી સિકકાવાળી નકલ, કે જે અરજી

રજુ થઈ છે, અને તેનો જવાબ, સામાવાળાએ, યાને કે, નારણ ભાઈએ આપેલ છે , તેમાં પારા ૫ માં છેલ્લી ત્રણ લીટીમા વાદી નો જન્મ નારણભાઈ રુડાભાઈને ત્યા થયેલ હોવાની વાત સ્વીકારે છે.નારણભાઈએ તે જવાબમા વાદીયણ તેની પુત્રી થતી નથી, તેવી કોઈ હકીકત જણાવી નથી. તે સંજોગોમા વાદી નારણભાઈ રુડાભાઈ અને કુરાઈ બહેનનું એક માત્ર સ્ત્રી સંતાન છે તે હકીકત સાબિત થાય છે અને તેનાથી વિરુધ્ધ પ્રતિવાદીઓ જે હકીકત જણાવે છે તે હકીકતો પુરવાર કરવામા પ્રતિવાદીઓ સફળ રહેલા નથી, તેમ હુ માનુ છુ અને જેથી મુદા નંબર ૫ નો જવાબ નકારમા આપુ છુ.

(૨૫) મુદા નંબર ૬ બાબતે, પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, દાવાવાળી મિલકતો પ્રતિવાદી ઓ ની એકલાની માલિકીની છે, તે હકીકતો પ્રતિવાદી પક્ષ સાબીત કરી શકેલ નથી કારણ કે, તે બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. પુંજાભાઈ મામલતદાર તરીકે કાર્યરત હતા અને મહેસુલી બાબતોથી સારી રીતે વાકેફ હતા. રવિભાઈ તેઓની જુબાનીમાં કબુલ કરે છે કે, '' એ વાત ખરી છે કે જશુબહેન રુડાભાઈ ડાભીનુ નામ હતુ તેમા રુડાભાઈ નુ નામ કાઢી તેની જગ્યા એ પુંજાભાઈ હમીરભાઈ નુ નામ ખેડુત તરીકે ચઢાવવામા આવેલ છે , એ વાત ખરી છે કે મારા પિતાજીએ વાદગ્રસ્ત મિલકતો કઈ સાલમા કેટલી રકમમાં લીધેલી અને કોની પાસેથી લીધેલ તે અગે તેઓને કોઈ માહીતી નથી. આ સાહેદ પુંજાભાઈ નો પુત્ર છે, અને પુંજાભાઈએ જો, જમીન વેચાણ લીધેલ હોત તો, તે હકીકત અવશ્ય સાહેદ રવિભાઈ ને ખબર હોય આ કામે તે બાબતે કોઈ પુરાવાઓ રજુ કરવામા આવેલા નથી , જેની પાસેથી જમીન ખરીદવામા આવેલ છે તેઓને આ કામે તપાસવામા આવેલા નથી, કે તે અંગેની નોંધ રેવન્યુ દફતરે જ કરવામા આવી નથી ત્યારે, મુદા નંબર ૬ ની હકીકતો પુરવાર કરવામા આ કામના પ્રતિવાદીઓ સફળ રહેલા નથી, તેમ હુ માનુ છુ અને તેથી મુદા નંબર ૬ નો જવાબ નકારમા આપવામા આવે છે.

(૨૬) આ કામમા વાદીયણે દરમ્યાન ઉપજની માંગણી કરી છે. પરંતુ તે બાબતે કોઈ ઠોસ સબળ અને આનુસાંગીક કોઈ પુરાવાઓ, વાદી પક્ષે રજુ કરવામા આવેલા નથી. વાદગ્રસ્ત જમીનમા કેટલી ઉપજ થાય છે ? કયા પાક થાય છે? કયા વ્યકતિએ પાક ની ઉપજ લીધી છે? તે સંજોગોમા , વાદીની દરમ્યાન ઉપજ ની દાદ, મંજુર કરવા પાત્ર નથી તેમ હુ માનુ છુ.

(૨૭) ઉપરોકત તમામ સંજોગોમા, વાદી પોતાના દાવાની હકીકતો સાબીત કરવામા

**સફળ રહેલા છે તેમ હુ માનુ છું, પરંતુ હાલનો દાવો વડીલોપાર્જિત હિંદુ કુટુંબની સંયુકત મિલકતોમાંથી ખેતીની જમીનના ભાગ પાડી , કબજો સોંપવા બાબતનો તથા ડેકલેરેશનનો છે ત્યારે આ કેસમાં આખરી હુકમનામું કરતા પહેલા, વાદી તથા આ કામના પ્રતિવાદીઓનો કેટલો હકક હિસ્સો છે, તે નકકી કરવુ જરુરી છે. આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ જોતાં, અને આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ વાદી દાવાવાળી મિલકતોમાં ૧/૨ હિસ્સો મેળવવા અને પુંજાભાઈ હમીરભાઈ ના વારસો તમામ પ્રતિવાદીઓ ૧/૨ હિસ્સો મેળવવા હકકદાર છે તેમ હુ માનુ છુ.**

**(૨૮) આ કામે દાવાવાળી મિલકતો ખેતીની જમીનો હોઈ, તેનું વિભાજન કરવાનું હોઈ, સીપીસી કલમ ૫૪ જોવામા આવે તો,**

**''' જયારે હુકમનામું સરકારને મહેસુલ ભરવા માટે આકારેલી અવિભકત મિલકતના વિભાજન માટે અથવા આવી મિલકતના કોઈ હિસ્સાના અલગ કબજા માટેનુ હોય ત્યારે આવી મિલકતનું વિભાજન અથવા હિસ્સાનુંવિયોજન, વિભાજન અથવા હિસ્સાના મિલકતના અલગ કબજા સંબધમા તત્કાલીન સમય માટે અમલમાં રહેલ કાયદા મુજબ કલેકટરશ્રી એ અથવા તો આ સંબધમા તેઓએ નીમેલા કલેકટરશ્રી ના તાબાના કોઈ રાજયપત્રિત અધિકારીએ કરવુ જોઈએ ''' તેવી જોગવાઈ કરવામા આવી છે.**

**તથા સીપીસી ઓર્ડર ૨૦ રુલ ૧૮(૧) જોવામા આવે તો,**

**મિલકતના વિભાજન માટેનો અથવા તેમાના હિસ્સાના અલગ કબજા માટેના દાવામા હુકમનામું**

**'''' જયારે અદાલત મિલકતના વિભાજન માટે અથવા તેમના હિસ્સાના અલગ કબજા માટેનુ હુકમનામું કરે ત્યારે**

**૧. જો હુકમનામુ જેટલા પ્રમાણમાં સરકાર ને મહેસુલ આપવાને પાત્ર થતી મિલકતને લગતું હોય તો તેટલા પ્રમાણમાં હુકમનામામા તે મિલકત મા હિત ધરાવતા જુદા જુદા પક્ષકારોના હિત જાહેર કરવામા આવશે,પરંતુ તેમા એવો આદેશ કરવામાં આવશે કે, કલેકટરે અથવા તો કલેકટર ના તાબા હેઠળના જે રાજયપત્રિત અધિકારીને આ સંબધમા કલેકટર સત્તા સોપે તેણે આવી જાહેરાત અને કલમ ૫૪ ની જોગવાઈઓ અનુસાર આવુ વિભાજન કરી અથવા અલગ કબજો આપવાનો રહેશે.**

**૨. જો હુકમનામુંઅન્ય કોઈ સ્થાવર અથવા તો જંગમ મિલકતને લગતું હુકમનામું હોય તો તેટલા પ્રમાણમાં અદાલત, વધારે તપાસ કર્યા વિના જો વિભાજન અથવા હિસ્સા અલગ કરી આપવાનું સરળતાથી થઈ શકે તેમ ના હોય ત્યારે પ્રાથમિક હુકમનામું કરીને અલગ અલગ**

પક્ષકારો ના હિત જાહેર કરી શકશે અને જરુર જણાય તો તેવા અન્ય આદેશો આપી શકશે.

ઉપર મુજબ કાયદાની જોગવાઈઓ છે.

સામાન્ય રીતે( પરંતુ અનિવાર્ય રીતે નહિ) વિભાજનના દાવામા બે હુકમનામાઓ કરવામા આવતા હોય છે, ૧. પ્રાથમિક હુકમનામુ ૨. આખરી હુકમનામું ,

પ્રાથમિક હુકમનામા થી સંબધીત પક્ષકારોના અધિકારો જાહેર કરવામા આવે છે, પ્રાથમિક હુકમનામું થયા પછી પણ પ્રતિવાદીઓ પોતાના હિસ્સાઓના વિભાજન માટે અરજી કરી શકે છે. પ્રાથમિક હુકમનામાથી જે અધિકારો નકકી કરવામા આવ્યા હોય, અને અપીલમા તે અંગે મુદો ઉઠાવવામા ના આવે તો, પ્રાથમિક હુકમનામાથી નકકી થયેલા પક્ષકારોના અધિકારો તેમને બંધનકર્તા છે, તેમ માનવામા આવે છે. વધુમાં પ્રાથમિક હુકમનામા ઉપર આધારીત આખરી હુકમનામું આપવામા આવે છે, આખરી હુકમનામું પ્રાથમિક હુકમનામાની મર્યાદા કરતા આગળ જઈ શકે નહિ તેવી પણ કાયદાકીય જોગવાઈ છે.જયાં સુધી આખરી હુકમનામું આપવામા ના આવે ત્યા સુધી દાવાની કાર્યવાહી ચાલુ ગણાય છે.

ઉપરોકત તમામ સંજોગોમાં, વાદીના દાવામા જણાવેલી દાદ, ૧,૨,૩,૪ મંજુર કરવામા આવે તો ન્યાયનુ હિત જળવાશે, તેમ હુ માનુ છુ, જેથી મુદા નંબર ૭ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

**<u>હુકમ</u>**

વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામા આવે છે.

વાદીના લાભમાં, પ્રતિવાદીઓ વિરુધ્ધ એવુ હુકમનામું કરવામા આવે છે કે, મોજે ચોરવાડ ગામની સીમમા આવેલ રે.સ.નં.૬૮૩/૧ પૈકી(૨–૦૨–૩૫ હે.આરે.ચોમી) તથા રે.સ.નં.૬૭૬/૧ પૈકીની (૧–૩૮–૬૧ હે.આરે.ચો.મી) મળી કુલ્લે જમીન (૩–૪૦–૬૪ હે.આરે.ચો.મી) મા વાદીનો ૧/૨ લાગભાગ, હકક હિસ્સો, હિત સંબધ છે તેવુ ઠરાવવામા આવે છે.તથા દાવાવાળી મિલકતોનુ પાર્ટીશન કરી આપવામા આવે તેવો હુકમ કરવામા આવે છે.

વાદગ્રસ્ત જમીનના મીટસ એન્ડ બાઉન્ડસ થી ભાગ પાડી, વાદીના ૧/૨ હિસ્સાની ખેતીની જમીન, પ્રતિવાદીઓની જમીન થી યાને કે દાવાવાળી જમીનોમાંથી, જુદી કરાવી, વાદીને પ્રત્યક્ષ કબજામા સોંપી આપવી, તેવો પણ હુકમ કરવામા આવે છે.

વાદીએ તેમના દાવામા માંગેલી દાદ પેરા નંબર ૩ પૈકી દરમ્યાન ઉપજની દાદ નામંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

**ઉપરોકત હુકમને આવરી લેતુ વાદીના લાભમા પ્રાથમિક હુકમનામું દોરવું.**

**આ પ્રાથમિક હુકમનામાની એક નકલ ,વિભાજન માટે, કલેકટરશ્રી, જુનાગઢ ને મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે, તથા કલેકટરશ્રી , જુનાગઢે , જાતેઅથવા તો તેઓના તાબા તળે ના અધિકારી/કર્મચારીઓ મારફતે હુકમનામા મુજબ મિલકતોનુ વિભાજન દિન–૧૫ માં કરી, કરાવી , અત્રેની કોર્ટમા રીપોર્ટ રજુ કરવો.**

**પ્રતિવાદીઓએ દાવાનો ખર્ચ પોતે ભોગવવો , અને વાદીને થયેલ ખર્ચ ,પ્રતિવાદીઓએ, વાદીને ચુકવી આપવો.**

**આ હુકમ આજ તારીખ સાતમી માહે માર્ચ સને ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમા મારી સહી,સિકકો કરીને જાહેર કર્યો.**

**વેરાવળ**

**તા.૭/૩/૨૦૧૩**

**(ખુમાનસિંહ એન મેધાત)**
**એડી.સીનીયર સીવીલ જજ તથા**
**એડી. ચીફ જયુડી.મેજી.વેરાવળ**